# ગ્રામસેવકો ઓનલાઈન કામથી અળગા રહેતા કામગીરીને અસર

**આઈ-ખેડૂત** સહિત કૃષિના અનેક પોર્ટલ-એપની કામગીરી અટવાઈ

**25મીએ** પેન ડાઉન, 1 ઓક્ટોબરે માસ CL અને 2 ઓક્ટોબરથી અચોક્કસ મુદતની હડતાળની ચીમકી

### મહામંડળે આગામી કાર્યક્રમ પણ જાહેર કર્યો

મહામંડળે આગામી કાર્યક્રમ પણ જાહેર કર્યો છે. 25 સપ્ટેમ્બરે પેન ડાઉન કાર્યક્રમ યોજાશે. ત્યારબાદ 1 ઓક્ટોબરે તમામ ગ્રામસેવકો દ્વારા માસ CL લેવામાં આવશે. આ તમામ તબક્કા દરમિયાન પણ સરકાર દ્વારા માંગણીઓ અંગે યોગ્ય નિર્ણય નહીં લેવામાં આવે તો 2 ઓક્ટોબરથી અચોક્કસ મુદતની હડતાળ પર જવાની ચીમકી આપવામાં આવી છે.

સુરતઃ ગુજરાત રાજ્ય ગ્રામસેવક મહામંડળના આહ્વાન હેઠળ પડતર પ્રશ્નોના નિરાકરણની માંગ સાથે ગ્રામસેવકોએ આજથી ઓનલાઈન કામગીરીનો બહિષ્કાર કર્યો હતો. ઓનલાઈન કામગીરીના બહિષ્કારના કારણે ખાસ કરીને ખેડૂતો સાથે સંકળાયેલી વિવિધ યોજનાઓ, પોર્ટલ અને એપ્લિકેશનની કામગીરીમાં સીધી અસર પડી છે.

ગ્રામસેવક મંડળે સ્પષ્ટ કર્યું છે કે સરકાર તરફથી પડતર પ્રશ્નોનું હકારાત્મક નિરાકરણ નહીં આવે ત્યાં સુધી આંદોલનને તબક્કાવાર આગળ વધારવામાં આવશે. ગ્રામસેવક મંડળના જણાવ્યા મુજબ, ગ્રામસેવકો લાંબા સમયથી પોતાની વિવિધ પડતર માંગણીઓ અંગે સરકાર અને સંબંધિત વિભાગ સમક્ષ રજૂઆતો કરી રહ્યા છે.

અગાઉ મહામંડળ દ્વારા સરકારને સાત દિવસનું અલ્ટિમેટમ આપવામાં આવ્યું હતું. જોકે, પ્રશ્નોના નિરાકરણ માટે અસરકારક સંવાદ કે હકારાત્મક નિર્ણય નહીં લેવાતા આંદોલનને તબક્કાવાર ઉગ્ર બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. 21 તારીખથી ગ્રામસેવકો I-KHEDUT PORTAL, કૃષિ પ્રગતિ, કૃષિ મેપર, કર્મયોગી પોર્ટલ, GCES એપ્લિકેશન અને તાર ફેન્સીંગ એપ્લિકેશન સહિતની વિવિધ ઓનલાઈન કામગીરીનો બહિષ્કાર કર્યો હતો.

ખાસ કરીને ખેડૂતોને લગતી વિવિધ અરજીઓ, માહિતીની એન્ટ્રી, ચકાસણી અને સરકારી યોજનાઓ સાથે સંકળાયેલી કામગીરીમાં વિલંબ થવાની શક્યતા છે. ગ્રામસેવકોના જણાવ્યા મુજબ હાલમાં ગ્રામ્ય સ્તરે ખેડૂતો સાથે સંકળાયેલી અનેક કામગીરી તેમની જવાબદારીમાં આવે છે. તેમાં પાક કાપણી અખતરા, PM-KISAN e-KYC, ફાર્મર રજિસ્ટ્રી સહિતની કામગીરીનો પણ સમાવેશ થાય છે.

આ કામગીરી ઉપરાંત રેવન્યુ તલાટી, પંચાયત તલાટી અને ખેતી મદદનીશ કેડરની કામગીરી પણ ગ્રામસેવકો પાસે કરાવવામાં આવતી હોવાની રજૂઆત કરવામાં આવી છે.

# દ.ગુ.માં હજુ બે દિવસ ગાજવીજ સાથે વરસાદ

**અપર** એર સાયક્લોનિક સર્ક્યુલેશનની અસરથી છૂટાછવાયા વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા

**સુરતમાં** 33.7 ડિગ્રી તાપમાન સાથે બફારો વધ્યો

**બંગાળની** ખાડીની સિસ્ટમની ગુજરાત પર અસર નહીં

સુરત : મધ્યપૂર્વ અને લાગુ ઉત્તરપૂર્વ અરબી સમુદ્રમાં સર્જાયેલા અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશનની અસરને પગલે સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં વરસાદી માહોલ યથાવત્ છે. આગામી બે દિવસ દરમિયાન દક્ષિણ ગુજરાતના છૂટાછવાયા વિસ્તારોમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદ પડવાની શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે. જોકે, ત્યારબાદ વરસાદની પ્રવૃત્તિમાં નોંધપાત્ર ઘટાડો થવાની શક્યતા હોવાથી ગુજરાતમાંથી ચોમાસાની વિદાયનો તબક્કો શરૂ થવાના સંકેત મળી રહ્યા છે.

સુરતમાં આજે છૂટાછવાયા વરસાદ વચ્ચે તાપમાનમાં આશરે દોઢ ડિગ્રીનો વધારો થતાં મહત્તમ તાપમાન 33.7 ડિગ્રી નોંધાયું હતું. લઘુત્તમ તાપમાન પણ અડધો ડિગ્રી વધીને 26 ડિગ્રી રહ્યું હતું. હવામાં ભેજનું પ્રમાણ 70 ટકા નોંધાયું હતું, જ્યારે પવનની ગતિ એકદમ મંદ રહેતાં ગરમી અને ભેજના કારણે દિવસ દરમિયાન અસહ્ય ઉકળાટ અને બફારો અનુભવાયો હતો. હવામાન વિભાગના અનુમાન મુજબ આગામી બે દિવસ દરમિયાન દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદ વરસી શકે છે.

જોકે, વરસાદની અસર ધરાવતા વિસ્તારોની સંખ્યા ધીમે ધીમે ઘટતી જશે. બે દિવસ બાદ વરસાદી પ્રવૃત્તિમાં નોંધપાત્ર ઘટાડો થવાની શક્યતા છે. વરસાદ ઘટ્યા બાદ ગુજરાતના કેટલાક વિસ્તારોમાંથી ચોમાસાની વિદાય અંગે ભારતીય હવામાન વિભાગ (IMD) દ્વારા સત્તાવાર જાહેરાત કરવામાં આવી શકે છે.

દરમિયાન મધ્યપૂર્વ બંગાળની ખાડીમાં એક મજબૂત હવામાન સિસ્ટમ સક્રિય છે. જોકે, આ સિસ્ટમની ગુજરાતના હવામાન પર કોઈ અસર થવાની શક્યતા નથી.

# નવી સિવિલમાં રિપોર્ટ હવે WhatsApp પર જ મળી જશે

**દર્દીઓને** રિપોર્ટ લેવા ફરી હોસ્પિટલના ધક્કા નહીં ખાવા પડે

### કેસ કઢાવતી વખતે WhatsApp નંબર નોંધાવવો પડશે

આ સુવિધાનો લાભ લેવા માટે દર્દીએ હોસ્પિટલમાં કેસ કઢાવતી વખતે WhatsApp ચાલુ હોય તેવો મોબાઇલ નંબર રજીસ્ટર કરાવવાનો રહેશે. ત્યારબાદ લેબોરેટરીમાં ટેસ્ટ થયા બાદ રિપોર્ટ તૈયાર થશે. સંબંધિત ડોક્ટર દ્વારા રિપોર્ટ ચકાસ્યા બાદ તેને દર્દીના નોંધાયેલા WhatsApp નંબર પર મોકલવામાં આવશે. આથી દર્દીઓને રિપોર્ટ લેવા માટે લાંબી લાઈનમાં ઊભા રહેવાની કે બીજા દિવસે ફરી હોસ્પિટલ આવવાની જરૂર નહીં રહે. દર્દીઓ ઘરે બેઠા રિપોર્ટ મેળવી શકશે અને જરૂરિયાત મુજબ પોતાના ફેમિલી ડોક્ટર અથવા અન્ય તબીબને પણ મોબાઇલ મારફતે રિપોર્ટ બતાવી શકશે.

### HIV અને કેન્સરના સંવેદનશીલ રિપોર્ટ WhatsApp પર નહીં મળે

હોસ્પિટલ દ્વારા તમામ રિપોર્ટ WhatsApp પર મોકલવામાં આવશે નહીં. HIV તેમજ કેન્સર સહિતના સંવેદનશીલ (Sensitive) રિપોર્ટ WhatsApp મારફતે મોકલવામાં નહીં આવે. આવા રિપોર્ટ માટે હાલની પ્રક્રિયા મુજબ જરૂરી માર્ગદર્શન આપવામાં આવશે.

સુરતઃ નવી સિવિલ હોસ્પિટલમાં દર્દીઓની સુવિધામાં વધુ એક હાઇટેક પહેલ કરવામાં આવી છે. પેથોલોજી અને માઇક્રોબાયોલોજી વિભાગની વિવિધ લેબોરેટરીમાં થતા ટેસ્ટના રિપોર્ટ હવે દર્દીઓને સીધા તેમના WhatsApp નંબર પર મોકલવાની વ્યવસ્થા શરૂ કરવામાં આવશે. આ સુવિધા શરૂ થયા બાદ દર્દીઓ કે તેમના પરિવારજનોને માત્ર રિપોર્ટ લેવા માટે ફરીથી હોસ્પિટલના ધક્કા ખાવા નહીં પડે.

નવી સિવિલ હોસ્પિટલમાં દરરોજ હજારો દર્દીઓ સારવાર માટે આવે છે. જેમાં નિદાન માટે ડોક્ટરો દ્વારા CBC, હિમોગ્લોબિન, મેલેરિયા સહિતના વિવિધ રક્ત પરીક્ષણો કરાવવામાં આવે છે. અત્યાર સુધી ટેસ્ટ બાદ રિપોર્ટ મેળવવા માટે દર્દીઓ અથવા તેમના પરિવારજનોને ફરીથી હોસ્પિટલમાં આવવું પડતું હતું.

**મહિને 30 હજાર દર્દીઓને લાભ મળશે**

નવી સિવિલ હોસ્પિટલના સુપરિન્ટેડન્ટ ડો. પારુલ વડગામા અને આર.એમ.ઓ. ડો. કેતન નાયકના માર્ગદર્શન હેઠળ આ ડિજિટલ સુવિધા શરૂ કરવામાં આવી રહી છે. જેથી હજી મહિને 30 હજારથી વધારે દર્દીઓને આનો લાભ મળશે.

# ભાદરવી પૂનમના મેળા માટે નવીન બસનું લોકાર્પણ કરાયું

**એક્સ્ટ્રા** બસ સંચાલનનો પ્રારંભ કરાવતા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી



અમદાવાદ : ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે યોજાનાર ભાદરવી પૂનમના મહામેળા-૨૦૨૬ નિમિત્તે પદયાત્રીઓ અને દર્શનાર્થીઓની સુવિધા અર્થે ખાસ 'એક્સ્ટ્રા બસ સંચાલન'નો શુભારંભ તથા નવીન બસોનું લોકાર્પણ નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી દ્વારા કરવામાં આવ્યુ હતું . આ લોકાર્પણ પ્રસંગે વાહનવ્યવહાર રાજ્યમંત્રી શ્રી પ્રવીણ માળી તથા શહેરી વિકાસ રાજયમંત્રી શ્રીમતી દર્શનાબહેન વાઘેલાની ઉપસ્થિતિ પ્રોત્સાહક બની રહી હતી.

26 સપ્ટેમ્બર સુધી પાલનપુર, મહેસાણા, હિંમતનગર અને અમદાવાદ વિભાગ દ્વારા અંબાજી મેળાનું વિશેષ સંચાલન કરવામાં આવનાર છે. આ વર્ષે ૧૦૦૦ જેટલી બસો થકી વધારાની ૩૦,૦૦૦ જેટલી ટ્રીપો સંચાલિત કરવાનું આયોજન કરાયું છે, જેનો લાભ અંદાજે ૧૫ લાખ જેટલા યાત્રાળુઓ મેળવશે. યાત્રિકોની સુવિધા માટે અંબાજી ખાતે કુલ ૧૦ બૂથ બનાવવામાં આવ્યા છે, જ્યાં સુપરવાઈઝર અને બૂથ ઈન્ચાર્જ ફરજ બજાવનાર છે.

# અંબાજી જતાં પદયાત્રીઓ પર કાર ફરી વળતા એકનું મોત, 12ને ઈજા

**હિંમતનગર** પાસે રોષે ભરાયેલા ટોળાએ કાર સળગાવી

**ચાલક** નશામાં હોવાની પ્રાથમિક માહિતી



ગાંધીનગર : ભાદરવી પૂનમના મેળા પૂર્વે અંબાજી દર્શને પગપાળા જતા પદયાત્રીઓની સુરક્ષા સામે ફરી ગંભીર સવાલો ઊભા થયા છે. હિંમતનગર-ઈડર હાઈવે પર દોલગઢ પાટિયા પાસે પૂરપાટ ઝડપે આવેલી સ્કોર્પિયો કારે પદયાત્રીઓના જૂથને અડફેટે લેતાં એક પદયાત્રીનું મોત થયું છે, જ્યારે 12 જેટલા પદયાત્રીઓ ઈજાગ્રસ્ત થયા છે. અકસ્માત બાદ કારચાલક ભાગવાનો પ્રયાસ કરતાં ઘટનાસ્થળે હાજર લોકો અને પદયાત્રીઓ રોષે ભરાયા હતા અને ટોળાએ કારને રોકી તેમાં આગ ચાંપી દીધી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ અંબાજી તરફ મોટી સંખ્યામાં પદયાત્રીઓ આગળ વધી રહ્યા હતા ત્યારે દોલગઢ પાટિયા નજીક આ અકસ્માત સર્જાયો હતો. પૂરપાટ ઝડપે આવેલી સ્કોર્પિયોએ એકસાથે અનેક પદયાત્રીઓને અડફેટે લીધા હતા. ટક્કર બાદ ઘટનાસ્થળે અફરાતફરી મચી ગઈ હતી. ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

અકસ્માત સર્જાયા બાદ કારચાલકે ત્યાંથી ભાગી છૂટવાનો પ્રયાસ કર્યો હોવાનું જાણવા મળતાં સ્થાનિકો અને પદયાત્રીઓએ કારને રોકી હતી. ઉશ્કેરાયેલા ટોળાએ કારને આગ ચાંપી દેતાં થોડી જ વારમાં સ્કોર્પિયો ભડકે બળી ગઈ હતી.

### લાજપોર જેલ પાસે રોડ ક્રોસ કરતા યુવકને ટ્રક ચાલકે ટક્કર મારતાં મોત

સુરતઃ લાજપોર જેલ પાસે રોડ ક્રોસ કરતા યુવકને ટ્રક ચાલકે ટક્કર મારતાં મોત થયું હતું. મળેલી માહિતી મુજબ, મૂળ ઉત્તરપ્રદેશના વતની રહેમતઅલી સાહિદ શાહ (30 વર્ષ) હાલમાં લાજપોર ખાતે આવેલા પામ ઝુમેરીયા પાસે પરિવાર સાથે રહેતો હતો અને ટ્રક ડ્રાઈવર તરીકે કામ કરતો હતો. તે કાલે રાત્રે ટ્રક લઈને વડોદરા જવાનું હોવાથી રહેમતઅલી ડિંડોલી એકલેરા ચોકડી ખાતે ટ્રક લેવા માટે નીકળ્યો હતો. દરમિયાન લાજપોર જેલની પાસે રહેમતઅલી રોડ ક્રોસ કરી રહ્યો હતો. ત્યારે અજાણ્યા ટ્રક ચાલકે રહેમતઅલીને ટક્કર મારતા ગંભીર ઈજાને પગલે સારવાર માટે નવસારી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. ત્યાંથી વધુ સારવાર માટે સુરત નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.

# શ્રેષ્ઠ કામગીરી કરનારને મળશે અટલ સુશાસન પુરસ્કાર

**મુખ્યમંત્રી** ભૂપેન્દ્ર પટેલનું ગુડ-ગવર્નન્સની દિશામાં વધુ એક પ્રોત્સાહક પગલું

ગાંધીનગર : રાજ્યના વહીવટી તંત્રમાં અધિકારીઓ દ્વારા કરવામાં આવતી ઉત્કૃષ્ટ કામગીરીને પ્રોત્સાહન આપવા માટે સતત પ્રયત્નશીલ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકારે વધુ એક મહત્વનો નિર્ણય લીધો છે. આ નિર્ણય મુજબ રાજ્ય સરકારે 'અટલ સુશાસન પુરસ્કાર' યોજના અમલમાં મૂકવાની જાહેરાત કરી છે. આ યોજના હેઠળ નાગરિકલક્ષી વહીવટ, ઉત્કૃષ્ટ કામગીરી અને સુશાસનના સિદ્ધાંતોને મજબૂત બનાવવામાં નોંધપાત્ર યોગદાન આપનારા અધિકારીઓને દર વર્ષે પુરસ્કાર અને પ્રમાણપત્રથી સન્માનિત કરવામાં આવશે.

મુખ્યમંત્રીના નેતૃત્વ હેઠળ કાર્યરત સામાન્ય વહિવટ વિભાગ (જીએડી) ના ઠરાવ મુજબ અટલ સુશાસન પુરસ્કાર યોજના ચાલુ વર્ષ 2025-26ના નાણાકીય વર્ષથી લાગુ કરવામાં આવેલ છે અને આગામી વર્ષોમાં પણ ચાલુ રાખવામાં આવશે. યોજનામાં કામગીરીના મૂલ્યાંકન માટેનો સમયગાળો દર વર્ષે 1 એપ્રિલથી 31 માર્ચ સુધીનો નિર્ધારિત કરવામાં આવ્યો છે. અટલ સુશાસન પુરસ્કાર યોજના 25 ડિસેમ્બર, 2024થી શરૂ થયેલી અટલ બિહારી વાજપેયીની 100મી જન્મજયંતી વર્ષની ઉજવણી દરમિયાન રાજ્યમાં સુશાસનને પ્રોત્સાહન આપવા હાથ ધરાયેલી પહેલોના અનુસંધાનમાં અમલમાં મૂકવામાં આવી છે.

# બે વર્ષ પહેલા ઘરઘાટી બની અલથાણમાં ચોરી કરનાર ઈન્દોરમાંથી ઝડપાયો

**પતિ-પત્ની** ઓળખ આપીને ઘરઘાટી તરીકે બંગલાઓમાં ઘૂસી જતાં હતાં

**ઇન્દોરમાં** પણ એક બંગલામાં ખોટું નામ ધારણ કરીને રહેતો હતો

### અમદાવાદમાં પોલીસ કસ્ટડીમાંથી ભાગ્યો હતો, અનેક ગુના નોંધાયા છે

ક્રાઇમ બ્રાન્ચના ડીસીપી ભાવેશ રોજીયાએ માહિતી આપતા જણાવ્યું હતું કે પકડાયેલા આરોપી લોકેશ ઉર્ફે રાહુલ સામે અમદાવાદના શાહીબાગ અને બોડકદેવ, ગાંધીનગરના અડાલજ, વડોદરાના જે.પી. રોડ પોલીસ સ્ટેશન તેમજ રાજસ્થાનમાં ચેઈન સ્નેચિંગ, લૂંટ અને પોક્સો સહિતના ૧૦ થી વધુ ગંભીર ગુનાઓ નોંધાયેલા છે.વર્ષ ૨૦૧૯ માં ચોરીના ગુનામાં રિમાન્ડ પર હતો ત્યારે અમદાવાદ શાહીબાગ પોલીસને ધક્કો મારી કસ્ટડીમાંથી ભાગી છૂટ્યો હતો.

સુરતઃ શહેરમાં ધનિક પરિવારોના બંગલાઓને નિશાન બનાવી ઘરઘાટી તરીકે કામે રહી લાખોની ચોરી આચરતી અતિશાતિર અને રીઢા ગુનેગારને ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડ્યો છે. બે વર્ષ અગાઉ અલથાણ વિસ્તારમાં આવેલા બંગલામાંથી ૨૭ તોલા સોનાના દાગીના અને રોકડ રકમ મળી કુલ રૂ. ૧૩.૯૪ લાખની ચોરી કરીને ફરાર થઈ ગયો હતો.

ગત તા. ૧૨/૧૦/૨૦૨૪ ના રોજ આરોપી લોકેશ પોતાની મહિલા સાગરીત સીમા ઉર્ફે આરતી સાથે બાઈક પર સુરત આવી બંનેએ અલથાણ સ્થિત ઉમિયા બંગ્લોઝના બંગલા નં. ૧૩ માં પતિ-પત્નીની ખોટી ઓળખ આપી ઘરઘાટી તરીકે નોકરી મેળવી હતી. કામે રહ્યાના માત્ર બે જ દિવસમાં કબાટના તાળાં તોડી રૂ. ૧૩.૯૪ લાખની મિલમત્તા ચોરી કરી તેઓ રાજસ્થાન ભાગી ગયા હતા અને દાગીના વેચી દીધા હતા. આરોપીની મોડસ ઓપરેન્ડી અત્યંત શાતિર હતી. તે અને તેની સાગરીત ધનિક પરિવારોના બંગલાઓમાં રાહુલ, પ્રવીણ કે આરતી જેવા ખોટા નામો ધારણ કરી નોકર તરીકે રહેતા હતાં. તક મળતાં જ પેચિયા અને પાના વડે કબાટ તોડી ચોરી કરી પોતાની બાઈક પર ફરાર થઈ જતા. આ નાસતા ફરતા આરોપીને ક્રાઈમ બ્રાંચની ટીમે ઈન્દોરથી લોકેશ ઉર્ફે રાહુલ સવાભાઈ કીર (ઉં.વ.૨૬, રહે. સ્નેહલતાગંજ સોસાયટી, ઈન્દોર, મૂળ રહે. ગડી, જિ. બાંસવાડા, રાજસ્થાન) ને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# 'અમારા માણસ સામે કેમ ગુનો નોંધ્યો? કેટલા પૈસા લીધા'

**પોલીસ** પર રોહિત ઉર્ફે ચાર લાખના પરિવારનો હુમલો

સુરતઃ ડિંડોલીમાં પોલીસ લૂંટની તપાસ કરી રહી ત્યારે આરોપી રોહિત ઉર્ફે ચાર લાખનો પરિવાર ત્યાં પહોંચી ગયો હતો અને પોલીસ સાથે બોલાચાલી કરી હુમલો કરવાનો પ્રયાસ કરી આક્ષેપો તથા ધમકીઓ આપી હતી. બનાવને પગલે ડિંડોલી પોલીસે રોહિતના પરિવારજનો વિરુદ્ધ ફરજમાં રૂકાવટનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, ડિંડોલી પોલીસ સ્ટેશનના PSI એન.ડી. પરમાર લૂંટના ગુનાના આરોપી રોહિત ઉર્ફે ચાર લાખ દિલીપભાઈ સોનવણે (ઉ.વ. ૨૫, રહે. રાધિકા હોમ્સ, ડિંડોલી) ની અટકાયત કરી તપાસ ચલાવી રહ્યા હતા. આરોપી માથાભારે અને ગુનાહિત અને ચાકુ કબ્જે કરવા માટે PSI એલ.એચ. મસાણી અને ડી-સ્ટાફના કાફલા તથા બે સ્વતંત્ર પંચો સાથે પોલીસ ટીમ ડિંડોલી જી/૯ વિસ્તારમાં પહોંચી હતી. પંચનામાની કાર્યવાહી ચાલુ હતી તે દરમિયાન સાંજના સાતેક વાગ્યાના અરસામાં આરોપી રોહિતનો ભાઈ હેમંત દિલીપભાઈ સોનવણે અને તેની માતા સુમનબેન ત્યાં ધસી આવ્યા હતા.

માતા-પુત્ર બંનેએ એકસંપ થઈ પોલીસ પર ખોટા આક્ષેપો કરી બૂમાબૂમ ચાલુ કરી દીધી હતી કે, અમારા માણસ સામે કેમ ફરિયાદ દાખલ કરી છે? પોલીસે કેટલા પૈસા લીધા છે? આટલેથી ન અટકતાં હેમંતે પોતાના મોબાઈલમાં વીડિયો ઉતારવાનું શરૂ કર્યું હતું અને પોલીસ કર્મચારીઓ સાથે ધક્કામુક્કી કરી તમને જોઈ લઈશ તેવી ધમકીઓ આપી હતી.

જેથી પોલીસે હેમંત સોનવણે અને તેની માતા સુમનબેન સામે ગુનો દાખલ કર્યો છે.

# લેબર સપ્લાયર વિધવાના મોર્ફ કરેલા અશ્લીલ ફોટો-વિડીયો વાયરલ કરાયા

**સગીર** પુત્રીને પણ અશ્લીલ ફોટા સાથે ધમકી મોકલ્યાનો આક્ષેપ

સુરત : ઈચ્છાપોર વિસ્તારમાં રહેતી અને લેબર સપ્લાયરનો બિઝનેસ કરતી ૩૮ વર્ષીય વિધવા મહિલાને તેના જ પૂર્વ સુપરવાઈઝરે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ટેક્નોલોજીનો દુરુપયોગ કરી, મોર્ફ કરેલા અશ્લીલ ફોટો-વીડિયો અને વોટ્સએપ ગ્રુપ મારફતે બદનામ કરવાની એક ગંભીર ઘટના પ્રકાશમાં આવી છે. કંપનીમાં લેનારને નોકરી પર જવા રોકતા મહિલાએ તેને નોકરી પરથી કાઢી મૂકતા આવી હરકતો શરૂ કરી હતી.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ઈચ્છાપોર વિસ્તારમાં રહેતી 38 વર્ષીય મહિલા કંપનીમાં લેબર સપ્લાય કરવાનું કામ કરે છે. અગાઉ આ કામકાજ તેમના પતિ સંભાળતા હતા, પરંતુ જુલાઈ-૨૦૨૪ માં બ્રેન હેમરેજના કારણે તેમનું અવસાન થતાં મહિલા પોતે આ બિઝનેસ સંભાળી રહ્યા છે. તેમની પેઢીમાં સુપરવાઈઝર તરીકે કામ કરતો મનોજકુમાર રામધની (રહે. બરેલી, ઉત્તર પ્રદેશ) લેબરોને કામ પર જતા રોકતો હોવાની કંપની તરફથી ફરિયાદો મળતા, નિલમબેને તેને એપ્રિલ-૨૦૨૬ માં નોકરીમાંથી કાઢી મૂક્યો હતો.

નોકરીમાંથી મુક્ત કરાતા અદાવત રાખીને આરોપી મનોજકુમારે મહિલા વિશે સગા-સંબંધીઓમાં ખોટી વાતો ફેલાવવાનું શરૂ કર્યું હતું. ત્યારબાદ તેણે મહિલાનો ફોટો રાખીને મહિલાના' નામથી એક વોટ્સએપ ગ્રુપ બનાવ્યું હતું,

જેમાં મહિલાના સંબંધીઓ, પેઢીના સી.એ. અને અન્ય કર્મચારીઓને ઉમેરી મહિલા વિરુદ્ધ અત્યંત બિભત્સ અને ગંદી ભાષામાં મેસેજો વહેતા કર્યા હતા.

એટલું જ નહીં, આરોપી મનોજકુમારે એઆઈ (Artificial Intelligence) ટેક્નોલોજીનો ઉપયોગ કરી મહિલાના મોર્ફ કરેલા અશ્લીલ ફોટા બનાવ્યા હતા. આ ફોટા તેણે પોતાના ફેસબુક એકાઉન્ટમાં પોસ્ટ કરવા ઉપરાંત મહિલાના સ્વર્ગસ્થ પતિના મોબાઈલ નંબર પર તથા મહિલાની ૧૫ વર્ષીય સગીર પુત્રીના મોબાઈલ પર પણ વોટ્સએપ મારફતે મોકલી આપી ધમકીઓ આપી હતી.

ઘટના સંદર્ભે પીડિત મહિલાએ હિંમત દાખવી ઈચ્છાપોર પોલીસ મથકે રૂબરૂ પહોંચી આરોપી મનોજકુમાર રામધની વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ધાક-ધમકી, મહિલાની સૃષ્ટિ વિરુદ્ધની બદનામી અને આઈટી એક્ટ (IT Act) ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## અનુસંધાન... પાના છેલ્લાનું

**વેસુના...**

કરવામાં આવ્યો હતો, અને 2 કિલોગ્રામ અખાદ્ય બ્રેડના જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો અને સ્ટોરને નોટિસ પણ ફટકારવામાં આવી હતી.

ક્વિક-ડિલિવરી આપતી આવી કંપનીઓની ગંભીર લાપરવાહી ભૂતકાળમાં પણ અનેકવાર સામે આવી ચૂકી છે. અગાઉ 14 સપ્ટેમ્બરે પાંડેસરાના વેપારી પ્રવીણ ગુપ્તાએ પરિવાર અને સ્ટાફ માટે બ્લિન્કિટ પરથી લાડુ મંગાવ્યા હતા, જે બોક્સ ખોલતાં જ વાસી, દુર્ગંધ મારતા અને સફેદ ફૂગ વળેલા નીકળ્યા હતા. આ ઉપરાંત, ગોરાટ સ્થિત જલારામ સોસાયટીમાં આવેલ 'ઝેપ્ટો'ના વેરહાઉસ પર પાલિકાના ફૂડ વિભાગે સપાટો બોલાવીને એક્સપાયર થઈ ગયેલી 60 લિટર સુમુલ છાશ અને વાસી બ્રેડનો જથ્થો જપ્ત કરી નાશ કર્યો હતો તેમજ કંપનીને રૂ. 25,000 નો દંડ ફટકારી નોટિસ પાઠવી હતી. મિનિટોમાં સામાન પહોંચાડવાનો દાવો કરતી આ કંપનીઓના ડાર્ક સ્ટોર્સમાં ખાદ્યસામગ્રી કઈ પરિસ્થિતિમાં સંગ્રહાય છે તે અંગે ગંભીર સવાલો ઊભા થયા છે. તંત્ર દ્વારા માત્ર દંડ ફટકારીને સંતોષ માનવાને બદલે આવા વેરહાઉસ સામે કડક ફોજદારી કાયદા હેઠળ પગલાં લેવાય તેવી લોકમાંગ ઉઠી છે, જ્યારે ઓનલાઇન ઓર્ડર કરતા ગ્રાહકો માટે પણ પેકેટ ખોલતી વખતે ગુણવત્તા અને એક્સપાયરી ડેટ ચકાસવી અત્યંત જરૂરી બની ગઇ છે.

**પગારના બાકી...**

ને ડિંડોલીના ફ્લાવર ગાર્ડન પાસેથી પકડી લીધો હતો. પોલીસ પૂછપરછ દરમિયાન આરોપી વિનોદે કબૂલાત કરી હતી કે, તે માર્કેટની દુકાન નં. ૬૩૯ (જેકોર્પ ઈન્ડિયા તથા જગદંબા ટેક્સટાઈલ)ના શેઠ હનુમાન દ્વારકાપ્રસાદ ઝવરને ત્યાં માસિક રૂ. ૩૦,૦૦૦ના પગારથી એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરતો હતો. કામગીરી બાબતે બોલાચાલી થતાં તેણે નોકરી છોડી દીધી હતી. નોકરી છોડ્યા બાદ તેના પગારના રૂ. ૧૦,૦૦૦ લેવાના બાકી નીકળતા હતા. શેઠ અને અન્ય એકાઉન્ટન્ટ સુમિતભાઈ પાસે અવારનવાર નાણાં માંગવા છતાં તેઓ રૂપિયા ચૂકવતા ન હતા. શેઠને સબક શીખવવાના ઈરાદે તેણે દેવધ ગામના પેટ્રોલ પંપ પરથી પ્લાસ્ટિકની બોટલમાં રૂ. ૧૫૦નું પેટ્રોલ ખરીદ્યું હતું. બનાવ બાદ ન્યૂઝ ચેનલો અને સોશિયલ મીડિયા પર સમાચાર જોઈ તે મોબાઈલ સ્વિચ ઓફ કરીને રાજસ્થાનના ખાટુશ્યામ મંદિર તથા અયોધ્યા નાસી ગયો હતો.

**'તુ મને...**

મુકાઈ ગયા હતા. આખરે સસરાને વાત કરતાં તેમણે હિંમત આપી હતી. પાંડેસરા પોલીસે લંપટ જેઠ અવનીશ તિવારી સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

**કોર્પોરેટરો...**

પરથી સુરત આવવા-જવા માટે પણ સરળતા રહેશે. માર્ગ ખુલ્લો મુકવાના પ્રસંગે ભાજપના સ્થાનિક નેતાઓ અને આગેવાનો, કોર્પોરેટરો તેમજ ગોઠાણ-ઉમરા વિસ્તારના ગ્રામજનો અને સોસાયટીના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. તેમની હાજરીમાં નાળિયેર વધેરી માર્ગને ફરી વાહનવ્યવહાર માટે ખુલ્લો મુકાયો હતો.જોકે, રસ્તો વરસાદમાં બિસ્માર બન્યા બાદ ફરી રિપેર કરવો પડ્યો હોવાને લઈને સવાલો ઉઠી રહ્યા છે. કરોડોના ખર્ચે બનેલા માર્ગમાં ખાડા પડી જાય અને ફરી પ્રજાના નાણાંથી રિપેરિંગ કરવું પડે તો મૂળ કામ કરનાર કોન્ટ્રાક્ટર કે એજન્સીની જવાબદારી નક્કી કેમ ન થાય તેવો સવાલ છે. સ્થાનિક નેતાઓ દ્વારા રિપેરિંગ બાદ શ્રેય લેવાની કવાયત કરતાં પહેલાં કામગીરીની ગુણવત્તા અને જવાબદારી નક્કી કરવાની માંગ પણ ઉઠી રહી છે.

**દિવાળી પહેલાં...**

ધ્યાનમાં રાખીને રેલવે વિભાગે ઉધના સ્ટેશન પર બની રહેલા હોલ્ડિંગ એરિયાને દિવાળી અને છઠ પૂજા પહેલાં શરૂ કરવાની તૈયારીઓ તેજ કરી દીધી છે. પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર રામાશ્રય પાંડેયે સોમવારે સુરત અને ઉધના રેલવે સ્ટેશનની મુલાકાત લીધી હતી અને પુનઃવિકાસ કાર્યોની પ્રગતિની સમીક્ષા કરી હતી. તેમણે અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોને સમયમર્યાદાનું પાલન કરીને કામની ગતિ વધારવા કડક સૂચના આપી છે.

જનરલ મેનેજર સોમવારે સાંજે આશરે 4:30 વાગ્યે વડોદરાથી કોચિંગ સ્પેશિયલ ટ્રેન દ્વારા સુરત સ્ટેશનના પ્લેટફોર્મ નંબર 4 પર પહોંચ્યા હતા. ત્યાં તેમણે મુંબઈ સેન્ટ્રલ ડિવિઝનના DRM પંકજ સિંહ, સ્ટેશન ડાયરેક્ટર શ્રવણ મેઘવાલ અને SITCOના અધિકારીઓ સાથે સુરત મલ્ટી-મોડલ ટ્રાન્સપોર્ટેશન હબ (MMTH) ના નિર્માણ કાર્યનું નિરીક્ષણ કર્યું હતું.

**મોબાઈલ...**

નંબર પ્લેટ વિનાની સ્પોર્ટ્સ બાઈક સાથે ઝડપી પાડ્યા હતા. પોલીસે બંને આરોપીઓ પાસેથી ત્રણ મોબાઈલ ફોન અને અંદાજે રૂપિયા ૨ લાખની કિંમતની સ્પોર્ટ્સ બાઈક કબજે કરી પૂછપરછ શરૂ કરી હતી. પોલીસ પૂછપરછમાં બંનેએ પોતાના ત્રીજા સાગરીત અર્જુન યાદવ, (રહે. જોળવા, પલસાણા), સાથે મળી છેલ્લા દોઢ મહિનામાં આશરે 58 મોબાઈલ ફોન સ્નેચ કર્યા હોવાની કબૂલાત કરી હોવાનું જાણવા મળ્યું છે.

### IMEI ટ્રેસિંગથી બચવા ચોરીના ફોનના પાર્ટ્સ કાઢતો

પોલીસ તપાસમાં દુકાનદાર રમેશની ચોરીના મોબાઇલ અંગેની અલગ મોડસ ઓપરેન્ડી સામે આવી છે. ચોરીનો આખો મોબાઇલ વેચવામાં આવે તો તેના IMEI નંબરના આધારે પોલીસ સુધી પહોંચવાની શક્યતા રહેતી હોવાથી તે મોબાઇલ આખેઆખો વેચતો નહોતો. તેના બદલે મોબાઇલ ખોલીને ડિસ્પ્લે, બેટરી, કેમેરા અને IC સહિતના કિંમતી સ્પેરપાર્ટ્સ કાઢી લેતો હતો. બાદમાં પોતાની દુકાને રિપેરિંગ માટે આવતા ગ્રાહકોના મોબાઇલમાં આ સ્પેરપાર્ટ્સ ફિટ કરી કમાણી કરતો હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે.

# મુંબઈમાં શો-રૂમનું ઉદઘાટન હોવાનું કહી વેપારી સાથે રૂપિયા ૫૭.૫૨ લાખની ઠગાઈ

**વસ્તાદેવડી** રોડની 'સેલા' લેબગ્રોન જ્વેલરી પેઢીના વેપારી ચીટિંગનો ભોગ બન્યા

### વિડીયો કોલ પર ૧૨૦ નંગ લેબગ્રોન ડાયમંડ જ્વેલરી પસંદ કરી માલ મંગાવ્યો

શરૂઆતમાં પરેશભાઈએ પોતાના કર્મચારી ગુંજન પાટડીયાને સેમ્પલ સાથે મુંબઈ મોકલ્યો હતો. ત્યારબાદ તા. ૧૭/૦૬/૨૦૨૫ ના રોજ આરોપીઓએ વીડિયો કોલ મારફતે ૧૨૦ નંગ લેબગ્રોન ડાયમંડ જ્વેલરી પસંદ કરી હતી. શો-રૂમના ઉદ્ઘાટન બાદ પેમેન્ટ ચુકવી આપવાની ખાતરી આપતા, સુરતના વેપારીએ તા. ૨૧ અને ૨૬ જૂનના રોજ બિલ બનાવી બીવીસી લોજિસ્ટિક્સ મારફતે કુલ રૂપિયા ૬૭,૫૨,૮૧૮/- નો માલ મુંબઈ મોકલી આપ્યો હતો. માત્ર ૧૦ લાખ ટ્રાન્સફર કરી રૂપિયા ૫૭.૫૨ લાખનું પેમેન્ટ ડુબાડી શો-રૂમ બંધ કરી દીધો હતો. વેપારી શિરસ્તા મુજબ બાકી નાણાં ન ચુકવી અવારનવાર શોધખોળ કરવા છતાં બંને ભેજાબાજો પત્તો ન લાગતા, આખરે પરેશભાઈ માણીયાએ કતારગામ પોલીસ મથકે સુરેશકુમાર મોહનલાલ સોની અને રાજેન્દ્ર દ્વારકાદાસ સોની વિરુદ્ધ રૂપિયા ૫૭,૫૨,૮૧૮ ની છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે.

સુરત : મુંબઈ અને સુરતના વેપારીઓને બે કરોડમાં નવડાવનાર ઠગ રાજેન્દ્ર સોનીનું વધુ એક કૌભાંડ બહાર આવ્યું છે. સોની બંધુઓએ મુંબઈમાં શો રૂમનું ઉદ્ઘાટન હોવાથી કતારગામ વસ્તા દેવી રોડના હીરા વેપારી પાસે 67.52 લાખના હીરા મંગાવ્યા બાદ 10 લાખનું પેમેન્ટ ચૂકવ્યું હતું. જે બાદ બાકી પેમેન્ટ 57.52 લાખ આપવા બદલે મોબાઇલ અને શોરૂમ બંધ કરી સોની બંધુઓ ફરાર થઈ જતા મામલો ઈકો સેલ પોલીસમાં પહોંચ્યો છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગતો અનુસાર, વરાછા એ.બી.સી. સર્કલ પાસે આંગન રેસિડેન્સીમાં રહેતા અને ભાગીદારીમાં વસ્તાદેવડી રોડ સ્થિત જરીવાલા કમ્પાઉન્ડમાં 'સેલા' નામે લેબગ્રોન જ્વેલરીનું મેન્યુફેક્ચરિંગ અને વેચાણ કરતા પરેશભાઈ ઘનશ્યામભાઈ માણીયા (ઉ.વ. ૩૪) સોશિયલ મીડિયા (ઇન્સ્ટાગ્રામ) પર પોતાના બિઝનેસની જાહેરાત આપતા હતા. જૂન-૨૦૨૫ માં મુંબઈના અંધેરી વેસ્ટ સ્થિત લોખંડવાલા કોમ્પ્લેક્સમાં શો-રૂમ ધરાવતા સુરેશકુમાર મોહનલાલ સોની અને રાજેન્દ્ર દ્વારકાદાસ સોનીએ ઇન્સ્ટાગ્રામ મારફતે પરેશભાઈના ભાગીદાર સંકેત ગોટીનો સંપર્ક કર્યો હતો. તેઓએ મુંબઈ ખાતે નવો જ્વેલરી શો-રૂમ શરૂ કરવાનો હોય માલની જરૂરિયાત હોવાનું જણાવ્યું હતું.